# સાંકળીયું.


| | પૃષ્ઠ. |
|---|---|
| **નરસિંહ મહેતો.** | |
| **શૃંગાર.** | |
| કોણ પુન્યે કરી. ... ... | ૧ |
| સફલ રજની હુઈ. ... ... | ૧ |
| હજી ન ધરાયો. ... ... | ૨ |
| નીત નીત લાછવર ... ... | ૨ |
| વહાલાજી તમોરે ... ... | ૨ |
| પાછલી રાતના ... ... | ૨ |
| પલંગ પાયે તને ... ... | ૩ |
| સાંભળો કામની ... ... | ૩ |
| મેહેલ પીતાંબર ... ... | ૩ |
| અમશું કપટતણી ... ... | ૪ |
| સમીરે સાંજના ... ... | ૪ |
| ટળતો ટળતો હીંડીશ ... | ૪ |
| કેસર ભીના કહાનજી... ... | ૪ |
| મોહુરેં લટકે ... ... ... | ૫ |
| કામણગારોરે ... ... ... | ૫ |
| કુમકુમને પગલે ... ... | ૫ |
| આ જોને કોઈ ઉભીરે ... | ૫ |
| મોહ્યા મોહ્યા મુનિવર ... | ૬ |
| હરી આવ્યા છે ... ... | ૬ |
| આ શો ચતુરાનાં ... ... | ૬ |
| તારા દલડાની વાતો ... ... | ૭ |
| મને રોકે છે કાનવર... ... | ૭ |
| મારૂં વૃંદાવન છે ... ... | ૭ |
| તું મારે ચાંદલીએ ... ... | ૭ |
| ખંમખંમરે ચાંદલા ... ... | ૮ |
| પંથીડાને ન્યાળતી ... ... | ૮ |
| મીઠડા બોલા નાથરે ... ... | ૯ |
| જાગોરે જશોદાના ... ... | ૯ |
| જશોદાના જીવન ... ... | ૯ |
| ભોળીરે ભરવાડણ ... ... | ૧૦ |
| વહાલાને જોતાંયે ... ... | ૧૦ |
| આજનો સાંડવડો ... ... | ૧૧ |
| મારેરે આંગણિયે ... ... | ૧૧ |
| હું રંગ રાતી ને... ... ... | ૧૧ |
| હિંડોળે હિંચે મારો ... ... | ૧૨ |
| આ દિસે સખી મેહૂલો ... | ૧૨ |
| મેહૂલો ગાજે ને માધવ ... | ૧૨ |
| ગાળ કોઇને નવ ... ... | ૧૨ |
| હવે કેમ વસીયે... ... ... | ૧૩ |
| **ભક્તિ.** | |
| જાગ્યને જાદવા... ... ... | ૧૩ |
| સમરને શ્રી હરી. ... ... | ૧૩ |
| ધ્યાન ધર હરિતણું ... ... | ૧૪ |
| હરિતણું હેત તને ... ... | ૧૪ |
| કૃષ્ણ કિર્તન વિના ... ... | ૧૪ |
| હરિ હરિ રટણ કર ... ... | ૧૫ |
| બાપજી પાપ મેં ... ... | ૧૫ |
| તારા દાસના દાસની ... ... | ૧૫ |
| સારમાં સાર અવતાર... ... | ૧૬ |
| રાત રહે જ્યારે... ... ... | ૧૬ |

| | પૃષ્ઠ. |
|---|---|
| જાણે નહીં જગજીવન... | ... ૭૨૯ |
| પરમારથ પીછો નહી ... | ... ૭૩૦ |
| સાકુટ નરનો સંગ ... | ... ૭૩૦ |
| જે મુખમાં નહીં ... | ... ૭૩૦ |
| સત્ય સુધા શ્રીકૃષ્ણ ... | ... ૭૩૦ |
| કુરમ ફળી પેરે અંગ ... | ... ૭૩૧ |
| કયારે તાહરી કામ ... | ... ૭૩૧ |
| જે જન હરિનું... ... | ... ૭૩૧ |
| આનંદકારી અચલ ... | ... ૭૩૨ |
| લંપટરે તુંને લાજ ... | ... ૭૩૨ |
| માયા સહુને મોહ ... | ... ૭૩૨ |
| કાયા કલ્પદ્રુમ ... ... | ... ૭૩૨ |
| નિરમળ નામ નિરંતર... | ... ૭૩૩ |
| નામ વિના ગતિ મુક્તિ... | ... ૭૩૩ |
| રામ સુધારસ ... ... | ... ૭૩૩ |
| તું તારું તન દેખ તપાસી | ... ૭૩૩ |
| તું તો રામ રટણ કર ... | ... ૭૩૪ |
| સંત પારસ ચંદન ... | ... ૭૩૪ |
| સંત લક્ષણ ત્રીસ ... | ... ૭૩૪ |
| સદ્ગુરુના તે શબ્દ ... | ... ૭૩૫ |
| કાયા બનીરે તાહરી ... | ... ૭૩૫ |
| મનમાં જાણે છે મરવું... | ... ૭૩૬ |
| જતન કરયે જીવવું ... | ... ૭૩૬ |
| લંપટ શે નથી લાજતો | ... ૭૩૭ |
| હરિનો મારગ છે શૂરાનો | ... ૭૩૭ |
| સંત સમાગમ જે જન | ... ૭૩૭ |
| હરિ મહિમા મોટા જન | ... ૭૩૮ |
| સંત કૃપાથી છૂટે માયા | ... ૭૩૮ |
| ભજન કરી લે ભાવેરે... | ... ૭૩૯ |

| | પૃષ્ઠ. |
|---|---|
| જા સદ્ગુરુને શરણેરે ... | ... ૭૩૯ |
| કર હરિ સમરણ સાચું... | ... ૭૩૯ |
| જે પરમારથ પીછેરે ... | ... ૭૪૦ |
| સખી આજ આનંદ ... | ... ૭૪૦ |
| શું કર્યું ગીતા ગાઇને ... | ... ૭૪૧ |
| **રેવાશંકર.** | |
| બાળલીલા ... ... | ... ૭૪૨ |
| **કૃષ્ણ રામ.** | |
| કળિકાળનું વર્ણન ... | ... ૭૫૫ |
| **દેવીદાસ.** | |
| નાનો ઈશ્વર વિવાહ ... | ... ૭૭૦ |
| **રણછોડ ભક્ત.** | |
| રાધા વિવાહ ... ... | ... ૭૭૬ |
| **નરભેરામ.** | |
| નીતિ પ્રેમ વિષે ... | ... ૭૭૯ |
| **રઘુનાથદાસ.** | |
| **ઓધવજીનો સન્દેશો.** | |
| ઓધવજી આવ્યારે ... | ... ૭૮૩ |
| ઓધવજી અમ સાથે ... | ... ૭૮૩ |
| ઓધવજી માધવરે ... | ... ૭૮૪ |
| ઓધવજી સંદેશો ... | ... ૭૮૫ |
| ઓધવજી અબળા ... | ... ૭૮૬ |
| **નિષ્કુળાનંદ.** | |
| **વૈરાગ્ય વિષે.** | |
| જનની જીવોરે ગોપીચંદ | ... ૭૮૭ |
| જંગલ વસાવ્યું ... ... | ... ૭૮૭ |
| હું બલિહારી એ વૈરાગને | ... ૭૮૮ |

| | પૃષ્ઠ. |
|---|---|
| ત્યાગ ન ટકેરે વૈરાગ વિના ... | ૭૮૯ |
| અંભેરે જડ ભરતી જોગી ... | ૭૮૯ |
| ઋષભ કુંવરની રીતને... ... | ૭૯૦ |
| જડરે ભરતની જાતનાં... ... | ૭૯૦ |
| જોગી છવોરે એવા ... ... | ૭૯૦ |
| પ્રથમ વૈરાગ જેને પ્રગટે ... | ૭૯૧ |
| વૈરાગને વિઘન ઘણાં ... ... | ૭૯૧ |
| વૈરાગ્ય વિણુ એ વાણી ... | ૭૯૨ |
| જેનુંરે મન વનશું ... ... | ૭૯૨ |
| વાય વાય જો કુમતિ ... ... | ૭૯૨ |
| ધિક ધિક તારો જો ... ... | ૭૯૩ |
| બળો બળો કુમતિ ... ... | ૭૯૩ |
| એક અચંબો આવે ... ... | ૭૯૩ |
| સત વાત એક સાંભળો ... | ૭૯૪ |
| એક વાત વળી સાંભળી ... | ૭૯૪ |
| એક મૂરખને હાથ ... ... | ૭૯૪ |
| જેમ સર્પને પાળીને ... ... | ૭૯૪ |
| લટકાળો લટકંતોરે ... ... | ૭૯૫ |
| શામળિયો સ્નેહનો ... ... | ૭૯૫ |
| છબીલાની છબી જોઇને ... | ૭૯૫ |
| છોગાળા તારા છોગલાં ... | ૭૯૫ |

બ્રહ્માનંદ.

શૃંગારનાં પદો.

| | |
|---|---|
| છેલા ચાલંતા ગજચાલ ... | ૭૯૬ |
| આરા આવોને પ્રાણ આધાર... | ૭૯૬ |
| વાલી લાગે છે વ્રજચંદ. ... | ૭૯૭ |
| રુડી લાગે છે વ્રજરાજ ... | ૭૯૭ |
| હેલિ જોને આ નંદકુમાર ... | ૭૯૭ |
| શોભે નટવરજીને શિશ... ... | ૭૯૭ |

| | પૃષ્ઠ. |
|---|---|
| આંખડલિ શરદ સરોજ ... | ૭૯૮ |
| સખિ કેસર ભીનો કાન... ... | ૭૯૮ |
| લટકાળા તારે લટકેરે ... ... | ૭૯૮ |
| રુડું ભાલ તિલક ... ... | ૭૯૯ |
| માણીગર મોલિડું ... ... | ૭૯૯ |
| વ્રજ જીવન શામ ... ... | ૭૯૯ |
| ચાલો ચાલો સૈયરનો ... ... | ૮૦૦ |
| જોને જોને સખી એનું... ... | ૮૦૦ |
| આવો આવોને નંદજીના ... | ૮૦૦ |
| તારી આંખલડી અલબેલ ... | ૮૦૧ |
| સખી નંદતણે દરબાર ... ... | ૮૦૧ |
| આરા આવોને સુંદર શ્યામ ... | ૮૦૨ |

ઈશ્વરને ભજવા વિષે.

| | |
|---|---|
| પ્રભુ સાથે કરને... ... ... | ૮૦૨ |
| શરણું તું તો લેનરે ... ... | ૮૦૩ |
| માનિ લે શિખામણરે ... ... | ૮૦૩ |
| વિષયમાં વળુંધ્યોરે ... ... | ૮૦૩ |
| રે સગપણ હરિવરનું ... ... | ૮૦૪ |
| રે લગની તો હરિવરથી... ... | ૮૦૪ |
| રે શિર સાટે નટવરને ... ... | ૮૦૪ |
| રે ધરિયા અંતર ગિરિધારી ... | ૮૦૫ |

દેવાનંદ.

પ્રભુ સાથે પ્રીતિ કરવા વિષે.

| | |
|---|---|
| કર પ્રભુ સંગાથે... ... ... | ૮૦૬ |
| મળ્યો મનુષ્યનો. ... ... | ૮૦૬ |
| તારા મનમાં જાણે ... ... | ૮૦૭ |
| તારે માથે નગારાં વાગે... ... | ૮૦૭ |

માયાની મોહિનીમાં ઈશ્વરને ભૂલી ગયો.

પૃષ્ઠ.
ભજ્યો નહીં ભગવાનને ... ૮૦૭
અંતે જાવું છે એકલા... ... ૮૦૮
ભુલિ ગયો ભગવાનને... ... ૮૦૮
પ્રભુ ભજી લેને પ્રાણીઆ ... ૮૦૮
જનમ સંગાતી વિસર્યો ... ૮૦૯
ભવસાગરનો પાર ન ... ... ૮૦૯
સગપણ સાચું ... ... ... ૮૦૯
દેખ વિચારી દિલમાં ... ... ૮૧૦
હૈયાના ફુટ્યા ... ... ... ૮૧૦
દુનિયામાં ડાહ્યો ... ... ૮૧૦
અજ્ઞાની તારા ... ... ... ૮૧૦
પામર તેં પ્રાણી ... ... ૮૧૧
ઈશ્વરને ઓળખવા વિષે.
આવો રુડો અવસરરે... ... ૮૧૧
કાયા માયા કુડીરે ... ... ૮૧૨
કાળ તારી કેડેરે ... ... ૮૧૨
પ્રભુ ભજ પ્રાણીરે ... ... ૮૧૩
પ્રેમાનંદ.
સ્વામી નારાયણનો વિજોગ.
સજની શ્રીજી મુજને ..., ... ૮૧૪
મનડું મુર્ત્તિમાં ... ... ... ૮૧૪
સજની નિમખ ન વિસરે ... ૮૧૫
લટકાં લટકાળા ઘનશ્યામ ... ૮૧૫
સહજાનંદ અંગવર્ણન.
શોભા શી કહુંરે રુડી ... ... ૮૧૬
હરિને નિરખ્યારે તેણે ... ... ૮૧૬
રંગનો ભીનોરે જોઇ ... ... ૮૧૬
ચરણ હરિનારે શોભે ... ... ૮૧૭
એ ચરણનારે ભોગી ... ... ૮૧૭

પૃષ્ઠ.
સુંદર શોભેરે રસિયો ... ... ૮૧૭
શૃંગારનાં પદ.
હું તો વારીરે ગિરિધર લાલ ... ૮૧૮
આવો રસિયા રાજીવ નેણ ... ૮૧૮
મારી પ્રીતિ પ્રાણ આધાર ... ૮૧૮
નહીં મેલુંરે સુંદર શ્યામ... ... ૮૧૯
ધીરો ભક્ત.
આત્મજ્ઞાન વિષે.
આત્માતત્ત્વ શોધીરે ... ... ૮૨૦
સંત મળે સાચારે ... ... ૮૨૦
તરણા ઓથે ડુંગરરે ... ... ૮૨૧
મન તુંહી તુંહી બોલેરે ... ... ૮૨૧
અંતે સંતને તેડાવેરે ... ... ૮૨૨
ખબરદાર મનસુખાજી ... ... ૮૨૨
મુનિજન મોલારે... ... ... ૮૨૩
થાણદાર થયારે ... ... ... ૮૨૩
જગજીવન મને મોહન ... ... ૮૨૪
આજ સાહેલી અમર વર ... ૮૨૪
રાસ લીલા.
મહારાજાની વાંસલડી ... ... ૮૨૫
હરિ મારે ઘેર આવ્યા ... ... ૮૨૫
મંજુકેશાનંદ.
અજ્ઞાન નરને શિખામણ.
નર અજ્ઞાની સાંભળને ... ૮૨૬
શું સમજીને મુખથી વેણાં ... ૮૨૬
જોને જાગીને અંતરમાં ... ૮૨૭
નર તન પામી હાર્યો ... ... ૮૨૭
સારને અસારરે... ... ... ૮૨૭
નામ તો બતાવેરે ... ... ૮૨૮

| | પૃષ્ટ. |
|---|---|
| મુખે બ્રહ્મ ભાખેરે ... | ... ૮૨૮ |
| કાયાથી જીવ ન્યારોરે ... | ... ૮૨૯ |

**ભોજો ભક્ત.**

**જ્ઞાનના ચાબકા.**

| | |
|---|---|
| દેસિ સંતતણી લાવીરે... | ... ૮૩૦ |
| ભેખ તો ભાવરથકી ભુંડારે | ... ૮૩૦ |
| જોઇ લો જગતમાં આવારે | ... ૮૩૦ |
| ભરમાવી દુનિયા ભોળીરે | ... ૮૩૧ |
| મૂરખો રળી રળી કમાણોરે | ... ૮૩૧ |
| મૂરખો માની રહ્યો મારુંરે | ... ૮૩૧ |
| ભક્તિ શિશતણું સાટુંરે | ... ૮૩૧ |
| દૂનિયાં દીવાની કહેવાશેરે | ... ૮૩૨ |

**રામકૃષ્ણ ભક્ત.**

**કૃષ્ણલીલાનાં પદ.**

| | |
|---|---|
| પહેરોને પિતાંબર ... | ... ૮૩૩ |
| સુંદર કાંઈ ન દેખુંરે ... | ... ૮૩૩ |
| નામ તમારું સુણતાંરે... | ... ૮૩૩ |
| ટેવ પડી છે તમનેરે ... | ... ૮૩૩ |
| નિરખતાં નાથને મારી... | ... ૮૩૪ |
| સ્નેહે બાંધી સુંદરી ... | ... ૮૩૪ |
| મહારા કાનજી તમને ... | ... ૮૩૪ |
| વહાલા વિઠ્ઠલજીરે ... | ... ૮૩૪ |
| મુજને તુજ વીણ ... | ... ૮૩૫ |
| નંદના છૈઆ છોજી હો... | ... ૮૩૫ |
| પ્રેમ પુષ્ટ કર્યાં છો હો ... | ... ૮૩૫ |
| ગોપી ઘેલી દીસે હો ... | ... ૮૩૫ |
| આવ હરિ વહાલા આવરે | ... ૮૩૬ |
| નંદજીનો કુંવર કોડામણો | ... ૮૩૬ |
| પહેલે તે મોહન મીઠડો | ... ૮૩૬ |
| ધુતારા ધરણીધર તારી | ... ૮૩૬ |
| હસવા સરખી હરિસું ... | ... ૮૩૭ |
| નહીં જાઉં તે જમના ... | ... ૮૩૭ |

**રાજે.**

**કૃષ્ણ પ્રત્યે ગોપીના પ્રેમ વિષે.**

| | |
|---|---|
| હરિ મેં ન્હાવે ક્યમ ... | ... ૮૩૮ |
| તેં તો ઘેલું કીધું ગામ ... | ... ૮૩૮ |
| વહાલા વારે તે વાત ... | ... ૮૩૯ |
| મારા મન ગમતા મહારાજ | ... ૮૩૯ |
| કુંણ બોલે તમારી સાથ... | ... ૮૩૯ |
| જેનો પીયુડો પરઘેર જાય | ... ૮૪૦ |
| કાગળ મોકલુંરે... ... | ... ૮૪૦ |
| ઉગો સરદ પુનમનો ચંદ... | ... ૮૪૦ |
| આજની ઘડીરે ... ... | ... ૮૪૧ |
| આવોની લાલ ... ... | ... ૮૪૧ |
| આજને આવ્યા... ... | ... ૮૪૨ |

**રાધિકા સ્વપ્નામાં પરણ્યાં તે વિષે.**

| | |
|---|---|
| ઉગતે વહાણે રાધાની ... | ... ૮૪૨ |
| એટલે ત્યાં તો બોલ્યાં ... | ... ૮૪૨ |
| એટલે વળતી માતા ... | ... ૮૪૩ |
| માતા મારી કૃષ્ણને ... | ... ૮૪૩ |

**ભુખણ ભક્ત.**

**ઇશ્વરને ભજવા વિષે.**

| | |
|---|---|
| કશી વાતનો ખરખરો... | ... ૮૪૪ |
| પિતા માત સંતાન ને ... | ... ૮૪૪ |
| ઘણા પુન્યના ભાવથી ... | ... ૮૪૫ |
| તમે અવતર્યાં લક્ષ ... | ... ૮૪૬ |
| રમ્યા રંગ તે ગોપિકા ... | ... ૮૪૬ |

| | પૃષ્ટ. |
|---|---|
| **શાંતિદાસ.** | |
| **કાનુડાની બાળલીલા વિષે.** | |
| કોણે દીઠડો કાન ... | ... ૮૪૮ |
| જુઠડાને ક્યાં ઝાલું ... | ... ૮૪૮ |
| કોઇ કન્યા નહિ આપે... | ... ૮૪૮ |
| કાનુડો કાળજાની કોર છે | ... ૮૪૮ |
| કાનુડે કામણ કીધલાં... | ... ૮૪૯ |
| જાને ગોવાલણી જૂઠી... | ... ૮૪૯ |
| મનડાં વ્યાકુળ હરિ આવતાં | ... ૮૪૯ |
| મન માને ત્યાં જાઓછો જી | ... ૮૪૯ |
| વારો જશોદા માવડી ... | ... ૮૪૯ |
| જળ ભરવાને કેમ જાઉં | ... ૮૫૦ |
| આવો મારે ઘેર માણવા | ... ૮૫૦ |
| ક્યારે મળશે કહાન ... | ... ૮૫૦ |
| માછીડારે હોડી હલકાર | ... ૮૫૦ |
| **શોભણદાસ.** | |
| **રાધિકાના રોષવિષે.** | |
| રગભેર રમતાં રાસમાંરે | ... ૮૫૧ |
| સ્વપ્ણું મુકોને રાધિકારે... | ... ૮૫૧ |
| મારો નાથ બન્યા નવ... | ... ૮૫૨ |
| **કૃષ્ણ વિરહના મહિના.** | ... ૮૫૨ |
| **દયારામ.** | |
| **ચાતુરીનો ગરબો** ... | ... ૮૫૬ |
| **મીરાં ચરિત્ર** ... ... | ... ૮૬૦ |
| **પ્રેમ પરીક્ષા** ... ... | ... ૮૬૩ |
| **હનુમાન ગરુડસંવાદ** ... | ... ૮૬૫ |
| **શૃંગાર** ... ... ... | ... ૮૬૭ |
| પ્રેમની પીડા તે ... | ... ૮૬૭ |
| પ્રીતડીની રીત અતી ... | ... ૮૬૭ |
| શ્યામરંગ સમીપે ન જાવું | ... ૮૬૮ |
| આવોની મારે ઘેર માણવા. ... | ૮૬૮ |
| આંખ ભરો મા અલબેલડા ... | ૮૬૮ |
| લલીતાજી આવ્યાં પ્રેર્યાં | ... ૮૬૯ |
| શીખ સાસુજી દે છે ... | ... ૮૬૯ |
| એવાં વચન સુણીનેરે ... | ... ૮૭૦ |
| હું શું જાણું જે વહાલે ... | ... ૮૭૧ |
| હવે હું સખી નહીં બોલુંરે | ... ૮૭૧ |
| કાળજડું કોર્યું તે કોને | ... ૮૭૧ |
| માનીતી તું છે મોહનતણી | ... ૮૭૨ |
| ચાલ બ્હેલી અલબેલી ... | ... ૮૭૩ |
| ચતુરા ચેટક એવું જાણીરે | ... ૮૭૪ |
| મુને અંગોઅંગ લાગી ... | ... ૮૭૪ |
| લોચન મનનેરે... ... | ... ૮૭૫ |
| **નીતિ ભક્તિ.** | |
| **હરિનામ માળા.** ... | ... ૮૭૫ |
| ગુરુગોવિન્દ કૃપા... ... | ... ૮૭૫ |
| શરણ પડ્યો છુંરે શ્રીહરિ | ... ૮૭૬ |
| દરશન દ્યોનીરે દાસને ... | ... ૮૭૭ |
| જીવ જાણી લે ... ... | ... ૮૭૭ |
| મોટાનું વચન સુખધામ | ... ૮૭૮ |
| જે કોઈ જન કલ્યાણે ... | ... ૮૭૯ |
| રટ શ્રી રાધા રાધાવર ... | ... ૮૮૦ |
| ચિત્ત તું શિદને ચિંતા... | ... ૮૮૧ |
| સાંભળ શિક્ષા તું મન... | ... ૮૮૧ |
| જે કોઇ પ્રેમ અંશ ... | ... ૮૮૨ |
| સાધુ શ્રમ ના કરશોરે ... | ... ૮૮૩ |
| સાચું તે સગપણરે ... | ... ૮૮૩ |
| મનજી મુસાફરરે ... | ... ૮૮૪ |
| **મીરાંબાઈ.** | |
| **સતભામાનું રુસણું** ... | ... ૮૮૫ |

પાતાળના ભૂપ કહાવ્યા લખી, સૈના ટોપ સજે ઉજરખી;
પાખર બખ્તર સુવરણમાળ, ટચકારે ઘોડા કે ફાળ.
મોર દામણી ફુમતડાં ફરકે, છાયા પોતાની દેખીને ભડકે;
ભલા અસ્વાર ઉપર લટકે, હીસે હય હિંડે ને મટકે.
વાદળિયા વેગે નાચંત, ખૂટા પગ જેમ પાછિ પંથ;
કાબરા કાળા ને કસૂરી, પંખાળા ઉડે છે અસૂરી.
કુમેદ લીલા ને પંચવરણા, ઉજ્જવળ આરબી ઘોડા હરણા;
પાખરા પવનવેગી ઘોડા, અસ્વાર બહુ જુદ્ધે જોડા.
સજળ વાદળ જેવા હાથી, તે ઉપર મોટા મહારથી;
રથ પાળા અસ્વાર અનંત, ધીર ધસે ને કરડે દંત.
પ્રચંડ બીક મોટા પહાડ, સળગે ઉગ્ર લવકાવે દાઢ;
પૂર પોગે સૈના નવ માય, હણો નાદ કરતા જાય.
ટોળાં ઉપર ટોળાં આવે, પગને પ્રહારે ધરણી ધ્રુજાવે;
રીસ અંતરમાં ઘડહડિયો, જુદ્ધે રાય બાણાસુર ચઢિયો.
દશે દીશના માર્ગ બહુ રધ્યા, કોપી શંખ સાહે પૂરિયા;
ઉઠ્યા ભુજ બાણાસુર મલ, પૃથ્વી થવા માંડી ઉથલ.
ગર્જના કીધી મહીપાળ, ખળભળિયાં સાતે પાતાળ;
બ્રહ્મલોક જઈ પહોંચ્યો નાદ, શ્રીકૃષ્ણને આણે કીધો સાદ.
ખગાન્ધ આવ્યા છો બાપ કરી, નહીં જાવા દઉં કુશળે ફરી;
ઉન્મત્ત જાદવ ઉજ્જડકળ, તમો દમો સંસાર સકળ.
કુંવારી કન્યાને કપટે વરો, છત્રી ખગનાં લક્ષણ કરો;
સાવજે વાંક થઈને ફરો, દરમાં સર્પ પેસે પારો.
કેડું કર્યું શીદ કુંવરે, શું આવ્યા છો તે ઉપરે;
ત્યારે હસી બોલ્યા ભગવાન, અમો લઈ આવ્યા છું જાન.
જો વિધાત્રાએ કીધો સંબંધ, વર કન્યાના છોડ બંધ;
બાણને મન ચઢિયો કાળ, સંબંધ શાનો રે ગોવાળ.
એવી આપીશ પેરામણી, સહુને મોકલું જમપુરી ભણી;
એમ બાણાસુર બોલ્યો વંક, શ્રીકૃષ્ણે સજ્યું સારંગ.
કોલાહલ કટક બે થયાં, ઉભાં આયુધ કરમાં ગ્રહ્યાં;
નેજા ફરકે ફરે તરવાર, દદ જુદ્ધ થયું તેણીવાર.

પુનરપિ પ્રલ્લે માંડીઓ, વિષ્ણુએ માંડ્યો વાદ;
મુનિવર અમર આવીઆ, તે કરે આરત નાદ.
સુરરાય ને સરસ્વતી, કરે છે વેદસ્તવન;
તોએ ક્રોધ મૂકે નહીં, પછે આવ્યા કમલાસન.

### વલણ.

કમળભૂ અંતરિક્ષથી આવ્યા, ક્ષમા ક્ષમા એમ ઓચરે;
શુકદેવ કહે પરીક્ષિતને, પછે બ્રહ્મા સ્તુતિ કેવી કરે.

### કડવું ૩૮ મું.–રાગ કેદારો.

તે કરે છે બ્રહ્માયરે, નમો નમો; હું તો ઍઉને લાગું પાયરે, નમો નમો.
ત્રિભોવનના તાતરે, નમો નમો; કાંઇ આરંભ્યો ઉત્પાતરે, નમો નમો.
ઓ જોડી ઉભા હાથરે, નમો નમો; જુદ્ધ મૂકી દો દીનાનાથરે, નમો નમો.
ા ગંગાધર પશૂપાલરે, નમો નમો; તમો ગરુડ ચઢ્યા ગોપાળરે, નમો નમો.
ટાધારી ભસ્માધારરે, નમો નમો; મોર પીંછના ધરનારરે, નમો નમો.
મીયાવર જોગેશરે, નમો નમો; મહા સિદ્ધ છો ઋષી કેશરે, નમો નમો.
ય પીનાક ત્રીશલપાણીરે, નમો નમો; સારંગધર પુરુષ પુરાણીરે, નમો નમો.
મે જગત્પિતા કહેવાઓરે, નમો નમો; પ્રજાને કાં મૃત્યુ ઉપજાઓરે, નમો નમો.
ખઆપી દુઃખ કોઇનાપેરે, નમો નમો; ઉછેરી વૃક્ષ કોઇ ન કાપેરે, નમો નમો.
ડી ઘરમાંન કીજે ઘાતરે, નમો નમો; સુધા કહિએ વિશ્વની વાતરે, નમો નમો.
હન દીજે લાડ લડાવીરે, નમો નમો; નવ નાખીએ ઉચાં ચડાવીરે, નમો નમો.
ઘટે સ્નેહ તમ તૂટેરે, નમો નમો; તો પ્રજાનું આયુષ ખુટેરે, નમો નમો.
ીજે યુદ્ધ કરતા માતંગરે, નમો નમો; થાય દ્રુમવેલીનો ભંગરે, નમો નમો.
ામા સાગર જુદ્ધે જાયરે, નમો નમો; તેથી જગત બાંધું તણાયરે, નમો નમો.
ાપ માંડ્યો સદાશીવેરે, નમો નમો; તો પ્રજા કઇ પેરે જીવેરે, નમો નમો.
આવી સ્તવે છે ઋષી સમરે, નમો નમો; સ્વામી વિશ્વ થયું છે તમરે, નમો નમો.
તવે ભારતી રહી એક મંનરે, નમો નમો; ગુણ ગાય ચાર નીગંમરે, નમો નમો.
સ્તવે નાગ પામ્યા છે કષ્ટરે, નમો નમો; સ્તવે શિવને પર્વત અષ્ટરે, નમો નમો.
નમે તાપસ ને સંન્યાસીરે, નમો નમો; સ્તવે સહસ્ર ઋષી અઠ્યાશીરે, નમો નમો.
નમે દૈત્ય થયા કાયરરે, નમો નમો; કરે સ્તુતિ સાત સાયરરે, નમો નમો.
એમ સ્તુતિ સર્વે કીધીરે, નમો નમો; ન મૂકે શિવે વાત લીધીરે, નમો નમો.
હાકી ઉઠ્યા કૃષ્ણ ને હરરે, નમો નમો; ક્રોધ પૂરીત કમળાવરરે, નમો નમો.

રત્ન મારી દીકરી, મેં ગણી દીકરી સમાન;
વૈદરભી વિપત વેઠી ઘણીરે, ખોયું વપુનું વાન.
દાસપણે રહી બાપડીરે, તેણે દુઃખે હું બાળી;
દુર્બળ દારિદ્ર્ય જણાવિયુંરે, નહીં વાલની વાળી.
સુવાને કાજે સાથરોરે, વસ્ત્ર પહેરવાને જાડું;
શીતળ નીરે નાહી દીકરી ને, નહીં નેહેરી ને નાડું.
દાધું કલેવર મારુંરે, ચીરી કોયલા કહાડું;
ફુલફુલી મારી દીકરી રે, અન્ન જમી દીધું ટહાડું.
હવે જીવીને શું કરુંરે, વિષ ખાઇને પોહોડું;
થઇ ગોઝારી બેન આગળેરે, શું દેખાડીશ મોહોડું.
ઇંદુમતી મુખ સંતાડતીરે, હું થઇ છેક છછોરી;
હું ભુંડી ભવોભવ વાર્તારે, ચહડાવી હારની ચોરી.
લજ્જા સાગરમાં બૂડી ગયોરે, મસીઆઇ જે સુબાહુ;
સુત સૂરજને આવી ગ્રસ્યોરે, અપરાધ રૂપીઓ રાહુ.
એમ ઓશિયાળાં સર્વ થયાંરે, બોલી દમયંતી વાણ;
માસી તમ ઘેર સુખ પામી ઘણુંરે, સાખી સારંગપાણ.
દોહેલા દહાડા ઉતર્યારે, રહી મારી લાજ;
પુત્રી સરખી હું ગણીરે, ન દીધું નીચું કાજ.
માસી ભાણેજ બન્યો મળ્યાંરે, ઓળખ્યાનાં આલિંગન;
શત સહસ્ર સ્વાગત માંડી પછેરે, માન્યો ઘણું મુનિજંન.
વસ્ત્ર વાહન આપિયાંરે, વિનવિયો વિપ્રરાય;
ઘણુંએક દમયંતીને આપ્યુંરે, માસી લાગી પાય.
સુબાહુ સાથે મોકલ્યોરે, વળાવ્યાં કુન્દનપૂર;
સુખ શોભાએ જાયે સુંદરીરે, પંથ ઘણા છે દૂર.
ભાનુમતી ભેટી ઘણુંરે, દીકરી મારી સાધ;
તું છો છત્રપતીની અંગનારે, મારો ક્ષમા કરો અપરાધ.
પગે લાગી માગી આજ્ઞારે, બેસી બેડી સુખપાલ;
બેન માસી જાતાં માગીયુંરે, વૈદરર્ભી રાખે વહાલ.

## વલણ.

વહાલ રાખે વૈદરભી, ક્ષેમે મળજો નૈષધધણીરે;
થોડે કાળે પહોંતી પ્રેમદા, પીયર ગઇ વધામણીરે.

બાહુકજી છો આચારી, સુણો વિનતિ મારી;
કો એમ મૂકે વિસારી, દોહેલે પામી નારી.
નવનવા નેહ ઉદે, વહાલાના વાયક વદે;
ભરી હોય જો મદે, પુરુષનાં કઠણ હૃદે.
વળગી હીંડે કાંડે, નવનવી પ્રીત માંડે;
જણાય દુઃખને ટાંડે, સ્નેહીને નિશ્ચે છાંડે.
જાણિયે મળિયે વહેલાં, દેખીને થઇએ ઘેલાં;
નારી ન પ્રીછે પહેલાં, પુરુષનાં મન મેલાં.
વહાલપણાં કહીંએ ગયાં, મુખે કહેતા આલૈયા;
વજ્રપેં કઠણ હૈયાં, તરછોડ્યાં નાનાં છૈયાં.
બ્રહ્માએ પુરુષ ઘડિયા, નારીને જીવે જડિયા;
દુઃખના દહાડા પડિયા, વેરીડા થઇ નિવડિયા.
પ્રીતડી જેની વ્યાપિ, તેને મારે અદ્યાપિ;
ફળ બે રૂડાં આપે, વૃક્ષને થડથી કાપે.
રખે મારી વેલ શૂકે, પ્રવાસ જળ વહેતું મૂકે;
તે જાણી ચતુરા શું ચૂકે, ફરી આવી ન ઢૂંકે.
જે સ્થળનું જળ પીજે, શલ્યા ત્યાં કેમ દીજે;
જેપર દયા ધરીજે, તેનો જીવડો નવ લીજે.
જેનો હાથ ગ્રહીએ, તેને મૂકી નવ જઇએ;
અમો અબળા છઇએ, વેદના કોને કહીએ.
જેને પામી માનવ જને, દેવતા ન આણ્યા મને;
તેને ન મૂકીએ વને, રાખીએ પોતાકને.
બેસી એક પાટે, કામિની કપટઘાટે;
થોડા અન્યાય માટે, ન મૂકીએ ઉજડ વાટે.
અબળાનાં કોણ બળ, કદળીપેં કોમળ;
નયણે ભરે જળ, કડવાં કર્મનાં ફળ.
વનમાં વાઘ ગાજે, પાવલીએ કાંટા ભાંજે;
બીજા લોકને દાઝે, શઠ સ્વામી નવ લાજે.
વનમાં રામા રુવે, કોણ આંસુડાં લુએ;
ફરી તપાસી ન જુએ, પોતાનું કુળ વગુએ.

લક્ષ્મી નારાયણ શિવ ઉમયા હો, તેવું દંપતી દીસેજી;
દીધું માન શ્વસુરવર્ગે હો, પૂછ્યું નૈષધ ઇશેજી.

વલણ.

નૈષધ ઇશે પૂછિયું, કુશળ ક્ષેમની વાતરે;
સમાચાર પરસ્પર જાણ્યો, હરખ્યો સઘળો સાથરે.

## કડવું ૬૨ મું.—રાગ સામેરી.

નળરાયનું રૂપ પ્રગટ સાંભળી, સંસાર સુખિયો થાયરે;
પરમ લજ્જા પામિયો, દુઃખી થયો ઋતુપર્ણ રાય. હાવાં હું શું
મેં સેવક કરીને બોલાવિયો, નવ જાણ્યો નૈષધરાયરે;
ધિક્ પાપી હું આત્મા, હવે પાડું મારી કાય. હાવાં હું શું
જવ મન કીધું દેહ મૂકવા, તવ હવો હાહાકારરે;
જાણ થયું અંતઃપુરમાં, નળ ભીમક આવ્યા બહાર. હાવાં હું શું
હાં હાં કહીને હાથ ઝાલ્યો, મળ્યા નળ ઋતુપર્ણરે;
ઓશિયાળો અયોધ્યાપતિ, જઇ પડ્યો નળને ચરણ. હાવાં હું શું
પુણ્યશ્લોક પાવન સત્ય સાધુ, જાય પાતિક લેતાં નામરે;
તેવા પુરુષને મેં કરાવ્યું, અશ્વનું નીચું કામ. હાવાં હું શું
જેનું દર્શન દેવ ઇચ્છે, સેવે સહુ નરનારથરે;
તે થઇ બેઠા મમ સારથિ, ગ્રહી પરાણો હાથ. હાવાં હું શું
શત સહસ્ર જેણે જગ્ન કીધા, મેરુતુલ્ય ખરચ્યાં ધંનરે;
તે પેટભરી નવ પામિયા, હું પાપીને ઘેર અંન. હાવાં હું શું
જેનાં વસ્ત્રથી લાજે વિદ્યુલ્લતા, હાટક મૂકે માનરે;
તે મહારાજ મારે ઘેર વસ્યા, કરી કાંબળું પરિધાન. હાવાં હું શું
મેં તુંકારે તિરસ્કાર કીધો, હસ્યાં પુરનાં લોકરે;
ત્રણ વરસ દોહેલે ભોગવ્યાં, મેં ન જાણ્યા પુણ્યશ્લોક. હાવાં હું શું
આળસુને ઘેર, ગંગા આવ્યાં, ઉઠી નહીં નહાયો મૂર્ખરે;
તે ગતિ મારે આજ થઇ, મેં જાણ્યા નહીં મહાપુરુષ. હાવાં હું શું
શ્રાવણકીટને ઘેર જાયે, જેમ ધરાધર શેષરે;
જેમ નીચ મનુષ્યને ઘેર જાયે, ભિક્ષાને મહેશ. હાવાં હું
જેમ ચકલીને માળે આવે, ગરુડ ગુણભંડારરે;
તેમ મારે ઘેર આવી વસ્યા, વીરસેનકુમાર. હાવાં હું

કૃપણને ઘેર કમળા વસિયાં, ઘેર ન પ્રીછે વ્યયતણીરે;
મારે ઘેર નળ વસ્યા જેમ, ભીલને ઘેર પારસમણી. હાવાં હું શું કરુંરે
અંધપત્નીતણાં આભૂષણ તે, વૃથા સહુ શણગારરે;
તીવ્ર આયુધ કાયરને કર, મર્કટ મુક્તાહાર. હાવાં હું શું કરુંરે.
રા અમૃતનો ભર્યો કો, મુરખને પ્રાપ્તિ થઇરે;
ભૂર ભોગી વારુણીનો, સુધાપાન પ્રીછે નહીં. હાવાં હું શું કરુંરે.
શ્વાસ મૂકે ને કંઠ સૂકે, થઇ ભૂપને વેદનાયરે;
રાધ વિચારી પોતાનો, ઋતુપર્ણ દુઃખિયો થાય. હાવાં હું શું કરુંરે.
યશ્લોકને પાયે લાગે, ફરી ફરી કરે વિનતિરે;
કૃતકર્મનાં કોણ પ્રાયશ્ચિત્ત, ભર્યાં લોચન ભૂપતિ. હાવાં હું શું કરુંરે.
ક માંહે પરજળુ કે, હળાહળ ભક્ષ કરુંરે;
વું મારું ધિક્ક છે, દેહ હું નિશ્ચે પરહરું. હાવાં હું શું કરુંરે.

### વલણ.

પરહરું દેહ, માહરો, ગોજારો જીવીને શું કરુંરે;
ઋતુપર્ણનું પરમ દુઃખ દેખી,સમાધાન નળે કર્યુંરે.

## કડવું ૬૩ મું.—રાગ મારુ.

ઋતુપર્ણની પીડા જાણી, નૈષધનાથ બોલ્યા ત્યાં વાણી;
ન થઇએ કાયર આંસુ આણી, એમ કહી લોહ્યાં લોચન પાણી.
આપત્કાળ કર્મ શું કહીએ, જે જે દુઃખ પડે તે સહીએ;
કોને આસરે નિશ્ચે જઇએ, પંચ રાત્રિ સેવક થઇ રહીએ.
ગુપ્ત રહ્યાનું કારજ સીધ્યું, મારું દુઃખ તમે હરી લીધું;
જે જનુનીનું પય મેં પીધું, તેણે એવડું સુખ નથી લીધું.
દશ માસ તે પેટમાં રાખે, અધિક થાય તો ઓછું ભાખે;
ત્રણ વરસ લગી કોણ રાખે, ભલાઇ તમારી થઇ જુગ આખે.
જ્યાં લગે સંપત્તિ હોય, ત્યાં લગે પ્રીત કરે સર્વ કોય;
ફર્યો સમો ત્યારે સદ્ય વિયોગ, નમતાં તે સામું ન જોય.
જે લોભના લીધા માયા માડે, થાય પરીક્ષા દુઃખને દહાડે;
ક્ષત્રી જણાએ ઉઘાડે ખાંડે, ભુડા મિત્ર તે ભીડે છાંડે.
કર્મકથા મેં મારી જાણી, ચોહો વર્ણનાં પોષ્યાં પ્રાણી;
જ્યારે વન નીસર્યાં હું ને રાણી, પ્રજાએ ન પાયું પાણી.

## ચોપાઈ.

પ્રતિહાર ઉપર ક્રોધી રીશ, ભમર આપ ચઢાવી શીશ;
મેં સોંપ્યું હતું તુજને કામ, કેમ સૂનો મૂક્યો તેં ઠામ. ૨૬૦
કોણ આવ્યું ને કોણ જ ગયું, લોભે મન તારું વશ થયું;
રોકો મૂકે નહિ જે ઠામ, પ્રતિહારનું તે પૂરણ કામ. ૨૬૧
પાપી દ્રવ્યથકી ચિત્ત ચળ્યું, ફટ ફટ તારું હૈયું બળ્યું;
અરે પાપી તું ફરતો ફરે, એમ કહીને ક્રોધ જ કરે. ૨૬૨
સાચું બોલ રે કહેને વાત, નહિ તો તારી કરીશ ઘાત;
પ્રતિહાર કહે સુણો વજીર, આપ હૃદેમાં રાખો ધીર. ૨૬૩
જુઠા સાથ દાવો તાહરો, તલ માત્ર વાંક નથી માહરો;
જે દિવસના ગયા છો ગામ, સૂનો નથી મૂક્યો મેં ઠામ. ૨૬૪
રાંક માણસ નહિ જાએ કોય, આપ મન વિચારી જોય;
જે પ્રત્યે નવ ચાલે તમો, વારી કેમ શકિએછ અમો. ૨૬૫
અમો તેહ રોક્યો નવ જાય, મૂકું ઠામ તો માર્યો જાય;
તસ્કર હોય પ્રગટ કયમ કરે, ઘરમાં જઇને ખૂણે ધરે. ૨૬૬
હડામાં અન્યા ન સમાઈ, તમ આગળ ચુગલી કયમ ખાઈ;
ચુગલરૂપી કુંડળ ને શાલ, સમજો મનમાં જોઇ માલ. ૨૬૭
મેં જાણ્યું હું પામીશ વહાલ, વધામણીમાં પામ્યો ગાળ;
પ્રતિહારનાં વચન સાંભળી, પ્રધાન રહ્યો મનમાંહિ બળી. ૨૬૮
બની વાત તે પ્રતિહારે કરી, મોહેલે ગયો તે તેની ઘડી.

## દોહરા.

રાખી રીસ હૃદિયા વિષે, આવ્યો મંદિર માંય;
પોપટ પદ્મિની બે જણાં, વાટ જુવે છે ત્યાંય. ૨૬૯
વૈલોચન ત્યાં નિરખિયો, કૃતાંત સરીખો કાળ;
શીશે ભમર ચઢાવિયું, અતિ રાતો વિકરાળ. ૨૭૦
પોપટ પદ્મિની સમજ્યાં, પગે નમાવ્યું શીશ;
ક્ષેમ કુશળ છે આપણે, છોડો હૃદેથી રીશ. ૨૭૧
કહે પોપટ આ અવસરે, રખે કરો મન ભર્મ;
તારા પુણ્ય પ્રતાપથી, પ્રભુએ રાખ્યો ધર્મ. ૨૭૨
પ્રણામ કરીને પદ્મિની, બોલી પતિની સાથ;
વિંટી ત્યાં નંદરાયની, દીઠી જમણે હાથ. ૨૭૩

રામ—સાબાશ કહે શ્રી રામ, અંગદ પંચાયન પૂરો;
વીરાધિવીર દૃઢ ધીર, પૂર સામદ શુભ શૂરો;
બુદ્ધિનિધાન બત્રીશ, બાબત બોતેરી બૂઝે;
સોળકળા સંપૂર્ણ, શાસ્ત્રગત સઘળી સૂઝે;
ડાહપણ તત્ત્વ ત્રિલોકનું, ક્રોડવાર શું કહું કથી;
સકળ સૈન્ય મેં નિરખ્યું, નર બીજો નિર્ભય નથી. ૪૦
અં—માહારાજ રાજઅધિરાજ, તનુ તનુ સેવક તારો;
વાંક ગુન્હો તકસીર, ક્ષમા કરોજી મારો;
એક કરૂં છું અર્જ, રીસ ન કરો તો બોલું;
ફિકરનો ફિકર કહેણ, પ્રીત પટંતર ખોલું;
કોને સોંપો છો મોરચા, શૂર સામદ ગુણ સૃષ્ટિએ;
સ્યમ મુજને સોંપ્યું કાસદું, જે વાત વિખણો વિષ્ટિએ. ૪૧

દુહો.

રામ—પદ્મ અઢાર પ્લવંગમાં, બહુ રીછ બોતેર ક્રોડ;
વિષ્ટિ કામ સુત વાલિ વિણ, જડે ન બીજી જોડ. ૪૨

સવૈયો.

અંગદ—હુકમ હોય હજુરી કેરો, સોષી નાંખું આખો સાયર;
હુકમ હોય હજુરી કેરો, મહા કામ કરવા છું માયર;
હુકમ હોય હજુરી કેરો, જુદ્ધે જોર કરૂં ત્યાં જાહર;
કાસદ કામ સોંપ્યું સ્યમ મુજને, છેક મુને કેમ કીધો કાયર. ૪૩

દુહો.

રામ—કાયર તુંજને ક્યમ કહું, સાયર શૂર સરદાર;
જાહર છો મહા જોદ્ધમાં અપરંપાર અપાર. ૪૪

સવૈયો.

અં—અંગદ કહે આજ્ઞા દો મુજને, જેરે જુદ્ધ કરૂં ત્યાં ઝાઝું;
હાથી ભાથી સાથી એના, દેખી દિલ મારામાં દાઝું;
મંત્ર રામનો મુખ્ય છે મારે, ભડતાં ભૂપતથી નહિ ભાજું;
નીચ કામ કાસદનું કરવા, લંકામાં જાતાં હું લાજું. ૪૫

દુહો.

રામ—કાસદ કામ એ તો નહિ, એ મોટમ પદ મેર;
લંકપત શું જીત હાખવે, તેહ સવાયો શેર. ૪૬

## છપ્પા.

રામ-સાંમદ શર સાખાશ, વખાણ કરૂ શાં વાતે;
હેતે મૂક્યો શિર હાથ, રીઝથકી રઘુનાથે;
મમત ન મૂકશો માન, નૃપતિને ન કરો નમણાં;
ગુણહીણો દે ગાળ, બોલ કહેજે ત્યાં બમણા;
વળિ સામ દામ ભેદે કરી, વિષ્ટિ વધારી વાવજે;
મૂરખનું મન માને નહીં, શરપણું ત્યાં સાધજે. ૫૪
અંગદ હરખ્યો મન, હવે મન માન્યું મારૂં;
ગંમતી કરશું ગોઠ, ધીયમાં જેતી ધારૂં;
સવાયે કોટ શત સહસ્ત્ર, વાદ કરતાં વાધે;
રઢિયાળો રાવણ રાય, શત્રુવટ શોભિત સાધે;
પછે પરાક્રમથી પ્રાજે કરૂં, અગદે વિચાર્યું અંકમાં;
સામળ કહે સેવક રામનો, જઈ લૂટ પડાવું લંકમાં. ૫૫

## કવિત.

અચન ચડાયો શીશ, ધાયો મહા ધીરધીશ;
દીસ ઘડી ચાર ચડે, ગયો ગુન ગાય કે;
લંક સો અતિ અનૂપ, દેખતહી રીઝ્યો ભૂપ;
રૂપ બાગ ફુલ ફલ, ચેત્યો ચિત્ત ચહાયકે;
મહીપત મહેલ આગે, જોર ચેલ બેલ દેખ;
પહેલ પ્રતિહાર કાઢે, વજ્ર કર સહાયકે;
બિકટ બાટ ટેડી ડેઢી, પર સાત માલ મેડી;
ગેડી લીયે રહ્યો ઉભો, અંગદ ત્યોં આયકે. ૫૬

## છપ્પા.

સરોવર સમુદ્રાકાર, પંકજ સહસ્ત્ર ખીલે;
સ્ફાટિક મણિની પાળ, ગોપ ગુણવંતા ઝીલે;
કસ્તુરી બહેક બરાસ, વેર્યાં કેસર બહુ વાટે;
હીરા જડિત ઘણી ઘેડ, ઘુમર ઘણી ઘાટે ઘાટે;
ઇંદ્રપૂરીની ઉપમા, કહેતાં વિમાસણ કરે કવિ;
લંકલીલા લખ કોટિધા, નિરખે અંગદ નવનવી. ૫૭

સા—લંબ પૂછ અસ્યા લંઠ લવરી કરે, મૂરખા મન ગમી મોજ માણે;
કાસદ હાસદ ઘેખ લખી લાવિયો, નીચ,નિર્માલ્ય શુભ ગાન નાણે?
કોડ તેત્રીશ કર જોડી ઉભા રહે, હોડ હરિ જેહ તેડ તાણે;
જયતણો રૂપ એ ભૂપ ભૂમંડળે, લંકપતને ત્રણ લોક જાણે. ૧૧૭
અં—ઓળખાવ અજાણ અલ્પ બુદ્ધ અધિપતિને, તોલકે પાડમાનીશ તારો;
આળ હુંકાર તારો નહીં સાંભળીએ, પાંત્રિશ ત્યમ તારો જાણુ વારો;
રિદ્ધિ રાવણ તણી પુણ્ય પરવારિયું, આવી રહ્યો એટનો આયુષ્યારો;
દશકંધ એ અધ એ ધંધ ધાયે ધર્યો, ચિત્તમાં ચેત એ ચોર મારો. ૧૧૮
સા—ઉંત્રકમાં અસ્યા અભાગિયા વાનરા, ચેતરે ચેત ચોપક્ષ ચિત્તે;
કોણ ગજું તારું કિંકરા કાસદા, બોલી ન જાણે નરપતી નીતિ;
પાગ તું લાગ પરશુરામ કર જોડીને, પામીશ લહાણ ભૂપત પ્રતે;
રાજ મહારાજ રાજેંદ્રનો રાજ્યો, રાજ સભાતણી બોલ રીતિ. ૧૧૯

## છપ્પા.

અં—રામચંદ્રની નાર, સિતા સતિ માતા મોરી;
દૈત્ય દાનવ કો દુષ્ટ, ચંડાળ કરી લાવ્યો ચોરી;
દયાનિધિ દાતાર, ધર્મ દયા મનમાં ધારે;
પાછી આપે જો સીત, તો એને નવ મારે;
નહિતર દેવ દેહવટ કરે, એવી આજ્ઞા આપી મુને;
ચતુર હોય તો ચેતજે, ચેતાવા આવ્યો તુને. ૧૨૦
સા—મરદ મુંઝાણો વીર, રામની રામા લાવ્યો;
શૂર પૂર દ્દઢ ધીર, જોર કંદર્પવત્ કહાવ્યો;
દશકંધ નામ દરિયાવ, તરવાર તાતી ત્રિલોક;
જોર હોય તો જુઓ, સિતા મૂકી અશોક;
પાછી લેતામાં પીડશો, અહંકું બોલે અનર્થ થશે;
લાડ કરંતા આવો જો લંકમાં, જરૂર જીવ સહુના જશે. ૧૨૧

## દુહા.

અં—જનની કુલ રાવણતણી, બહુ ઉપજાવ્યા બાળ;
જાત શ્વાન કે શૂકરી, ભુંડણ કે શિયાળ. ૧૨૨
કે વીંછણ કે નાગણી, કે કરકટની નાર;
કે અજા એ કાણ છે, બોલો નહીં ગમાર. ૧૨૩

અ-શોક કહે લંકપતિ કોક મારે મને, અશોક શોકવત નગર નરખું !
લંકનો વંક તે એક રજ રંકવત, નિસ્શંકપે પૂરો પંક પરખું !
ઇંદ્રજીત કુંભકો તુંબકાં તોલવત, હુંબકાં દેખીને હિત હરખું !
ચરવણું ચાવણું ભૂખનું ભાવણું, રાવણ ધાવણું બાળ સરખું ! ૨૨૪

છપ્પા.

રાવણ—જુઠું બોલ્યાનું જોર, તોર દીસે છે તારો;
રખે વખાણો રામ, મેળ નહિ આવે મારો;
એવા લક્ષ કરોડ, હોડ કરતાં હાર્યા;
નમ્યા તે જીવ્યા જંત, માન કર્યું તે માર્યા;
ડહાપણ ડીંગ મારવાતણું, ગાહડ ગુણ તુજમાં ઘણું;
શું વિખાણ કરે વાનરા, રામતણું મોટમપણું. ૨૨૫
અંગદ—કુબેર તણાં વિમાન, સુખસાગર સુખ સેજે;
ઝવેર જડિત્ર મહેલ, તપે તરણીવત તેજે;
સાઠ લાખ સ્યામા સહિત, હીંચે હીંચોળા ખાટે;
અલખત અપરંપાર, પુખરાજ પરવાળાં પાટે;
દશાનન તુજપર દયા, અંગદ કહે આવે મને;
લંગુર લંકા લખ લુટશે, તે માટે કહું છું તને. ૨૨૬

કવિત.

રાવણ—આવ્યા છો અનેક જન, વાનર વિવેક વિના;
ખાસો મોકમ માર સૌ, જાસો જીવ ખોઇને;
સુવો છો શું જાણી એને, રાજ ભ્રષ્ટ થયો રામ;
ગામ ધામ ઠામ કુળ, રહ્યો ધર્મ ધોઇને;
સિદ્ધિપણું રિદ્ધિપણું, નિધિપણું નેક નહીં;
સેવક કે શહાનેટી, કર નહિ કોઇને;
સતી સીત હરી જ્યારે, તોલ અમો કર્યું ત્યારે;
જીવતા મેલ્યા તે દીસ, શીશ જટા જોઇને. ૨૨૭
અંગદ—રક્ષપતિ તારા તે, સારા સેખામાં કરું;
મરોડીને લેઉં મામ, દેઉં માર માર માર;
કનકના કોટ ઓટ, ઢપેટી દેવંટ કરું;
ફરું હરું ફોજ માંય, ભાંગું ભાર ભાર ભાર;
ચેતાવું અચેત તુંને, ચેત ચેત ચેત ચિત્ત;

## ઝૂલણા છંદ.

અં-વૈષ્ણવ વિપ્રના વંશમાંહે તમો, જન્મ ધારી થયું ચિત્ત ચહાતું;
કરતાં ઉપદેશ કદાચ તું ઉગરે, સહુજના સંઘમાં ગંગ નહાતું;
મૂરખને મન તે શીખ શોભે નહીં, બેહેરા આગળે કોણ ગાતું;
શીખની રીત શી રાવણ આંગણે, "ગાંઠનું ખાઇ ઘેલા સાથ જાતું."૨૪૪

## છપ્પો.

રાવણ-પેલી મહેલી રીત, અશોક વન વારુ વાડી;
ત્યાં છે અટપટી જાગ, ખેલ રત્નાકર ખાડી;
લક્ષ્મણ સરખા કોટ, રામ સરખા બહુ રાજા;
જાવું ન પામે કોય, જંન જોરાવર ઝાઝા;
તું કિંકર થઇને કરગરે, કર ઓટે બીખારી થઇ;
જો બળ હોય બુદ્ધિ હીણમાં, તો તું તેડી જા તહીં. ૨૪૫

## કવિત.

અંગદ-પૂર્વ જન્મ પાપ થકી, સીતાના શાપ થકી;
અક્કલ ઓછી આપથકી, સેજ પડ્યો શૂળમાં;
અક્ષરના અંકથકી, વિધાતાના વંકથકી;
રંજાડ્યા કો રંકથકી, ધન મેળ્યું ધૂળમાં;
અહંકાર અતિ આણ્યાથકી,મમત મૂઢ માણ્યાથકી;
નિરગુણ નાણ્યાથકી, તણાયો તું પૂરમાં;
છેક બુદ્ધિ છોકી થકી, અક્કલ આપ ઓછી થકી;
રાવણ તેં હાથ ઘાલ્યો, ગોખરના મૂળમાં. ૨૪૬

## ઝૂલણા છંદ.

કવિ-દૃષ્ટિ ભુંડી કરી રીસથી રાવણે, રાજ્મદ જોરથી રાજ રૂઠ્યો;
જવુંન પામે હવે જીવતો વાનરો, એમ કહી આપ અધિપત્ત ઉઠ્યો;
સુરજ સુમિ ગ્રહી સામટો સંચર્યા,કોટ કોટ્યાન વ્યોમ શરૂ છુટ્યો;
પુત્ર વાળીતણો વીંટીઓ વિધવિધે,બાણનો શીર વરસાદ વુઠ્યો. ૨૪૭
હાલક હુલક હલકાર હળહળ થયો,માર માર કરી ભુંડ ભક્ષા;
અધિપતિ આજ્ઞા કોણ લોપી શકે, શૂર સામંતણી દીધ શિક્ષા;

# ગોપી ગોવિન્દનો સંવાદ.

## પદ ૧ લું.

એણી વાટે ન જઇયે બાઇ, નંદકુંવર રહે છે—ટેક.
બંસીબટની વાટમાં એણે, માંડી છે ખંધાઇ;
કંસરાયને મન ન આણે, બળીયા છે બે ભાઇ. એણી વાટે.
ગોવરધન ગિરિધારી માટે, વાધી તેની વડાઇ;
રાધા સરખી રુપે રૂડી છે, બીજની ચતૂરાઇ. એણી વાટે.
ચાલોની આપણ સઘળાં જઇયે, જમનાજીને ઘાટ;
ભાલણ પ્રભુ રુઘનાથજીનો, જોઇએ જઇને ઠાઠ. એણી વાટે.

## પદ ૨ જું.

દુધ પીયો જાવા દો અમને, શાને રોકો છો વન;
એકલડી વન કેમ રહું, ધ્રુજે મારું તન—દુધ પીયો—ટેક.
કુમળી આંગળી મરડાશે, મુકોની મારો હાથ;
હું આવી આગળ થકી, પુંઠે આવે સૈયર સાથ. દુધ૦
દિવસે પરણ્યા પીયુ સાથે, ઉભાં રહ્યું નવ જાય;
નંદજીના સમ અળગો રહે તે, પરશું કેમ બોલાય. દુધ૦
પિયુ મારો ચતુર નથી તે, શું જાણે ભોગની રીત.
તેણે હું પ્રીછું નહીં જે, પુરુષ કેવી પ્રીત. દુધ૦
જે રસ જેણે ચાખ્યો નહી રે, તે શું જાણે તેહ;
નેન નચાવો છો ઘણાં, હું પ્રીછું નહીં કંઈ નેહ. દુધ૦
તમ સરખી હોય તેને વાહો, મુકોની મારો હાથ;
બાળપણે એવું કરો જે, આગળ વાધે લાજ. દુધ૦
કાલ પિતા પરણાવશેરે, ઉત્તમ સુંદર નાર;
પરથી ઘર વસે નહીં એ, વેદતણો વહેવાર. દુધ૦
સુખ ટળે શરીરનું જો, કોઇશું લાગે મંન;
ચિતવ્યું તો નવ પામીએ, અતિ દોહિલા દુરીજંન. દુધ૦
ચતુર હશે તે જાણશેરે, ચતુરાઈની પેર;
મેં મન તમારું ઓળખ્યું, અવસરે આવજો ઘેર. દુધ૦
મારગમાં ન બોલાવીએરે, આવતા દેખે લોક;
ભાલણ પ્રભુ રુઘનાથજી, જુઠાં આળ ચહડાવા ફોક. દુધ૦

શિશ નામી આશીષ દઇને, ઇશ પામ્યા આનંદ;
ધન્ય વસુધા વ્રજવાસી વનિતા, ધન્ય જશોદા નંદ;
ધન્ય જશોદાનંદ નરનારી, વિશ્વમાં ખ્યાત વિખ્યાત વધારી;
પછે પધાર્યાં પ્રસન્ન થઇને, શિશ નામી આશીષ દઇને.

**નાગદમણ**–વળી વિવેકે કરી વખાણું, પ્રભુએ પ્રાક્રમ કીધ;
હાથથકી હલવે હરજીએ, દડો દોડાવી દીધ;
દડો દોડાવી દીધ તે દડિયો, જલ કાલંદી દ્રોહમાં પડિયો;
ઇચ્છા ઓળખી સહુ અકલાણું, વળી વિવેકે કરી વખાણું.
પાછળથકી પધાર્યાં પોતે, પાણીમાં કરી પ્રવેશ;
નાગણના ગણ નયણે નરખી, કરતી ઘણો કલેશ;
કરતી ઘણો કલેશ કળકળતી, ગદગદ કંઠે થઇ ગળગળતી;
મોહ પામી મુખ સુખમાં જોને, પાછળથકી પધાર્યાં પોતે.
કોમળ કમળ સુકુમસમ કાયા, સર્વાંગે સુકુમાર;
ક્યમ આવ્યો કહે કેનો કુંવર, નામ દેને નિર્ધાર;
નામ દેને નિર્ધાર તે મુખે, મૃત્યુ માગી લીધું શે દુઃખે;
માત તાતે ઉતારી માયા, કોમળ કમળ કુસુમ સમ કાયા.

**કૃષ્ણ**–નાગણી નીર ભરો કાં નેણે, નિશ્ચે કહું છું નામ;
કહાન કુંવર હું નંદજીકેરો, ગોકુળ મારું ગામ;
ગોકુળ મારું ગામ તે ગમતું, દુષ્ટ દુર્મતી કોય નથી દમતું;
નિર્વિષ નીર કરવું કહું વેણે, નાગણી નીર ભરો કાં નેણે.

**નાગણી**–વપૂ ચિત્તને વયે વિચારે, વદને વદને વાત;
સુણશે સર્પ તો દર્પ ઉતારશે, કરશે કાળી ઘાત;
કરશે કાળી ઘાત તે તારી, માટે માન શિખામણ મારી;
પ્રથમ કહું પરિણામ અચારી, વપૂ ચિત્ત ને વયે વિચારી.

**કૃષ્ણ**–કાળનો કાળ હું કહાન કહેવાણીં, નાગણી નિશ્ચે જાણ;
નાક ચીરીને નાથ લૈ ઘાલું, ઝાલું હાથ નિરવાણ;
ઝાલું હાથ નિરવાણ ઝડપથી, અહિં આવ્યો છું એજ અડપથી;
કમળ કંસને કાજ લેઈ જાણીં, કાળનો કાળ હું કહાન કહેવાણીં.

**કવિ**–વિષમ વેણ લાગ્યાં વિષધરને, કારમો કીધો ક્રોધ;
બળ કરી બળબંધુને બાઝયો, વાધ્યો ઘણો વિરોધ;

વાધ્યો ઘણો વિરોધ તે વળગ્યો, અંગથી અહિ નવ થાયે અળગો;
સહજ ક્રીડા સરખું શ્રીવરને, વિષમ વેણ વાગ્યાં વિષધરને.
પ્રભુએ પ્રૌઢ સ્વરૂપ ધરીને, એવું વધાર્યું આપ;
કંધ કુટે પણ બંધ ન છુટે, સંધથી તૂટે સાપ;
સંધથી તૂટે સાપ સંકળાણો, આરતથી અહિપતિ અકળાણો;
ઉભી નાગણી નંમાન કરીને, પ્રભુયે પ્રૌઢ સ્વરૂપ ધરીને.
નાક ચીરીને નાથ લેઈ ઘાલી, નાચે નંદકુમાર;
નંદને મન આનંદ થયો નરખી, હરખી જશોદા નાર;
હરખી જશોદા નાર મળતાં, ગોપમાં થયો સંતોષ સાંભળતાં;
ચોદશથી સહુ આવ્યું ચાલી, નાક ચીરીને નાથ લેઈ ઘાલી.
પરસ્પરે પરિયાણ કરીને, પુતના પાપણ નાર;
તેડી કહ્યું તતક્ષણ તું જા, શિશુનો કર સંહાર;
શિશુનો કર સંહાર સધાવી, ગોકુળ મહરતણે ઘેર આવી;
હળવે હળવે લઈ હરીને, પરસ્પરે પરિયાણ કરીને.
૧—ધાઇ ધરીને ધાઇ ધવરાવી, કપટ કરીને કહાન;
૨—પરપંચે પ્રભુને પોઢાડી, ઓઢાડી પરિધાન;
૩—ઓઢાડી પરિધાન તે અંગે, અબળા બોલે ઉર ઉછરંગે;
૧૧—ચરણે કીધો ચૂર વિચાર્યો, તતક્ષણ તરણાવૃતને તાર્યો.
૫—પ્રાણ લીધો પયપાન કરતાં, પુતના પામી પીડ;
૬—બાળકમાં આવડું બળ ક્યાંથી, રીસમાં પાડે રીડ;
૭—રીસમાં પાડે રીડ તે રોતે, જનુની ગતિ દીધી જગ જોતે;
૮—વાર ન થઇ વૈકુંઠ વરતાં, પ્રાણ લીધો પયપાન કરતાં.
૯—પ્રબળ પ્રલંબ ધેનુકને ટાળ્યો, અઘ બગ આદિ અસુર;
૧૦—વિકટ શકટ સૂતાં સંહાર્યો, ચરણે કીધો ચૂર;
૪—વળગતાં વનિતાને વહવરાવી, ધાઇ ધરીને ધાઈ ધવરાવી;
દંભ દાવાનલ દૂરથી વાળ્યો, પ્રબળ પ્રલંબ ધેનુકને ટાળ્યો.
એમ અનેક અસુર ઊડાડયા, વ્રજની કીધી વાર;
જન આરત હરવા અવતરિયા, ભૂમિ ઊતારણ ભાર;
ભૂમિ ઊતારણ ભાર ભુતળમાં, થઈ ગોવાળ ફર્યા ગોકુળમાં;
સુલ જાણી રાણિયે રમાડયા, એમ અનેક અસુર ઉડાડયા.

જુઠા બોલો નથી જાણતો, માથે મરવાની ઘાત;
દેવાનન્દ કહે જમ આવશે, માર મુરખ ખાત. ભજ્યો.

## પદ ૬ ઠું.

અંતે જાવું છે એકલાં, સંગે આવે ન કોય.
માત પિતા ને ભાઇ દીકરા, નારી કુટે છે રોય. અંતે—ટેક.
ભુખે મરી ભેળી કરી, માયા લાખ કરોડ;
ડાટી રહેશે દરબારમાં, જોને આંખ્યું ના ફોડ. અંતે૦
જીવ સંગાતે જાય છે, પુન્ય પોતાનાં પાપ;
સુખ દુઃખ ફળ તેનાં ભોગવે, જમપુરીમાં આપ. અંતે૦
રાજા ધરમની આગળે, ખાસો મુરખ માર;
દેવાનંદ કહે દેહ ધારશો, લક્ષ ચોર્યાશી વાર. અંતે૦

## પદ ૭ મું.

ભુલિ ગયો ભગવાનને, ગયું જોબન બાળ;
આવ્યું બુઢાપણ અંગમાં, કેડે આવે છે કાળ. ભુલિ—ટેક.
ઘરનાં માણસ જાણે ઘેલડો, કોઇ ન માને વાત;
અકકલ ઘટી ને વધી આપદા, કેદી મરશે કુજાત. ભુલિ૦
મનમાં અતિ ધન ધાંખડી, વાલા વિષે વિકાર;
આકું બોલે તે અક્રિણિયો, દુઃખ પામે અપાર. ભુલિ૦
શરીરનું ચાંમડું સુકું થયું, થયો અંધ અધીર;
દેવાનન્દ કહે હરિ ન ભજ્યો, બહુનામી બળવીર. ભુલિ૦

## પદ ૮ મું.

પ્રભુ ભજી લેને પ્રાણીયા, ધન દોલત ને નાર;
તેને તજી જાવું એકલાં, સગું કુટુંબ સંસાર. પ્રભુ—ટેક.
જેણે ભજ્યા જગદીશને, ભવ પામ્યા તે પાર;
એને વિસારીને આથડે, ગોથાં ખાય ગમાર. પ્રભુ.
લખ ચોર્યાસી જાતનાં, આવે દેહ અપાર;
જન્મ મરણ ગર્ભવાસનું, દુઃખ વારંવાર. પ્રભુ૦
વૈદ કોટિ વાંસે ફરે, કરે ઔષધ અનેક;
રંચ ન ટાળે રોગને, દેવાનન્દ કહે વિવેક. પ્રભુ૦

લજ્યા સુધ બુધ સાત્રથરે, પ્રેમી જનમાં ન ટકે;
મધુકર વાંસ કોરેરે, કમળ ભેદી નવ શકે.
મૃગ સહેજે મરે છેરે, પલાયણ અભ્યાસી;
રાગ અનુરાગ પાસેરે, બાંધ્યું ન શકે નાશી.
દૃષ્ટિ પ્રીતની માટેરે, પતંગ દીપકમાં બળે;
જાય પ્રાણ પોતાનોરે, તોયે સ્નેહીને મળે.
રહે ચાત્રક તરસ્યુંરે, સદા બાર માસ લગી;
પીએ સ્વાતિનું વારિરે, અવર પડશે ન ડગી.
વીખના વ્યસનીનેરે, સાકર પણ સુખ ના કરે;
પય પાણીથી ઉત્તમરે, મીન તેમાં નાંખે મરે.
જેનું મન જેશું માન્યુંરે, તેને સુખ તેથી મળે;
તે વિના તેથી સારુંરે, નાવે તેની આંખતળે.
બે વૈરાટનાં લોચનરે, ઇંદુ ભાનુ ભેદ કશો;
કુંજ કરમાય ચંદ્રેરે, ફુલે રવિ મોહ વસ્યો.
કોટે વળગી ના છૂટેરે, એ પ્રેમતણી ફાંસી;
કાપ્યો માટે ફૂટેરે, સુણી જગની હાંસી.
છે અગમ પંથ સ્નેહનોરે, ઓધવજી તેં નથી દીઠો;
સાં લગી જ્ઞાન ગોઠેરે, જોગ છે પણ મીઠો.
જોગ તો તેને જોઇએરે, જેનું મન જગમાં ભમે;
તે તો અચળ હમારુંરે, ચિત્ત રસિયામાં રમે.
જેનું મન માનેરે, જોગ સુખેથી ગ્રહો;
અમો તો એહ માગુંરે, પ્રીતમજીશું પ્રીત રહો.
તમારા તો હરિ સધળેરે, અમારા તો એક સ્થળે;
તમો રીઝો ચાંદરણેરે, અમો રીઝું ચંદ્ર મળે.
ઇંદુને અવલોકીરે. ચકોરનું ચિત્ત ચળે;
તે પ્રકાશને પેખીરે, તેને સંતોષ વળે.
હેવાં વચન સુણીનેરે, ઓધવજીની ભ્રાંતિ ટળી;
જોગ જંજાળ છૂટીરે, ગયું મન સ્નેહમાં મળી.
અભિમાન મૂકીનેરે. ઓધવ ગોપીપાય પડ્યા;
કહે દયાનો પ્રીતમજીરે. નિશ્ચે એક તમને જડ્યા.

**વેદાન્ત.** રૂ. આ. પૈ.

| | | |
|---|---|---|
| ૧ | પંચદશી—વિસ્તારવાળા વિવરણ સહિત ... | ૬— ૦—૦ |
| ૨ | ચન્દ્રકાન્ત પ્રથમ ભાગ (છઠ્ઠી આવૃત્તિ.) | ૨— ૮—૦ |
| ૩ | ચન્દ્રકાન્ત—બીજો ભાગ (ત્રીજી આવૃત્તિ) ... | ૨— ૮—૦ |
| ૪ | ચન્દ્રકાન્ત ભાગ ૩ જો (બીજી આવૃત્તિ)... | ૨— ૮—૦ |
| ૫ | શ્રી અધ્યાત્મ રામાયણ (બીજી આવૃત્તિ)... | ૧— ૮—૦ |
| ૬ | પંચરત્ન ગીતા (રેશમી) (છઠ્ઠી આવૃત્તિ)... | ૧— ૦—૦ |
| ૭ | ભગવદ્ગીતા શ્લોક અને ભાષાંતર સહીતરેશમી | ૦— ૮—૦ |
| ૮ | ભગવદ્ ગીતા—મૂળ, ગુજરાતી, હિંદી ને ગુ.કવિતા | ૦— ૮—૦ |
| ૯ | ભર્તૃહરી શતક ચતુષ્ટયસંગ્રહ (૩ જી)... | ૦—૧૪—૦ |
| ૧૦ | યુક્તિપ્રકાશ (સાધુ નિશ્ચલદાસજીકૃત) ... | ૧— ૦—૦ |
| ૧૧ | યોગવાસિષ્ઠ મહા રામાયણ પ્રથમ ભાગ ... | ૫— ૦—૦ |

**ધર્મ.**

| | | |
|---|---|---|
| ૧૨ | શ્રીમદ્ભાગવત, પોથી આકારમાં સંસ્કૃત શ્લોક તથા ગુજરાતી ટીકા. બાલબોધ લીપીમાં | ૮— ૦—૦ |
| ૧૩ | શ્રીમદ્ભાગવત પદબંધ મોરલીધરનું (૨ જી) | ૫— ૦—૦ |
| ૧૪ | શ્રીમદ્ભાગવત ગુજરાતી ગદ્ય ભાષાંતર મંગળાસ્વરૂપનું (ચોથી)... ... | ૪— ૮—૦ |
| ૧૫ | શ્રીમદ્ભાગવત ઝીણા ટાઇપ... ... ... | ૨— ૪—૦ |
| ૧૬ | શ્રી વાલ્મીકિ રામાયણ (બીજી—સચિત્ર)... | ૫— ૦—૦ |
| ૧૭ | વ્રતરાજ ... ... ... ... ... ... | ૩— ૮—૦ |
| ૧૮ | ધર્મ વિચાર (કવિ ન. લા. બીજી આવૃત્તિ) | ૧— ૮—૦ |

**કાવ્ય.**

| | | |
|---|---|---|
| ૧૯ | નર્મ કવિતા (ત્રીજી આવૃત્તિ) ... ... | ૭— ૦—૦ |
| ૨૦ | બૃહત્ કાવ્યદોહન ભાગ ૨ જો (૫ મી) ... | ૨— ૮—૦ |
| ૨૧ | બૃહત્ કાવ્યદોહન ભાગ ૧ લો (બીજી આવૃત્તિ) | ૧— ૮—૦ |
| ૨૨ | બૃહત્ કાવ્યદોહન ભાગ ૩ જો છપાય છે... | ૩— ૦—૦ |
| ૨૩ | બૃહત્ કાવ્યદોહન ભાગ ૪ થો ... ... | ૩— ૦—૦ |
| ૨૪ | બૃહત્ કાવ્યદોહન ભાગ ૫ મો ... ... | ૩— ૦—૦ |
| ૨૫ | બૃહત્ કાવ્યદોહન ભાગ ૬ ઠો ... ... | ૩— ૦—૦ |
| ૨૬ | કૃષ્ણચરિત્ર (ગીરધરકૃત ટપાલ સાથે)... | ૨—૧૦—૦ |

ગુજરાતી પ્રીંટીંગ પ્રેસ: મુંબઈ.

| | | રૂ. આ. પૈ. |
|---|---|---|
| ૨૭ | દયારામકૃત કાવ્ય સંગ્રહ ( ચોથી આવૃત્તિ ) | ૧– ૮–૦ |
| ૨૮ | નર્મકવિતા ભાગ ૧ લો ... ... ... | ૦– ૬–૦ |
| ૨૯ | નળાખ્યાન ( કવિ ન. લા. ટેક્સ્ટબુક ) ... | ૦– ૫–૦ |
| ૩૦ | સવિતાકૃત કવિતા ... ... ... ... | ૧– ૦–૦ |

**નવલ કથા.**

| | | |
|---|---|---|
| ૩૧ | કથાસરિત્સાગર ( બીજી આવૃત્તિ છપાય છે ) | ૪– ૦–૦ |
| ૩૨ | અરેબીયન નાઇટ્સ (૧૭૫ ચિત્ર સાથે સંપૂર્ણ) | ૩– ૮–૦ |
| ૩૩ | દિલ્હીપર હલ્લો ( બીજી આવૃત્તિ ) ... ... | ૧– ૦–૦ |
| ૩૪ | શાહજાદો અને ભીખારી ... ... ... | ૨– ૦–૦ |
| ૩૫ | ઔરંગઝેબ અને રાજપુતો... ... ... | ૨– ૦–૦ |
| ૩૬ | અરાડમી સદીનું હિંદુસ્તાન ... ... ... | ૧– ૮–૦ |
| ૩૭ | હેસ્ટીંગ્સની સોટી ... ... ... ... | ૨– ૦–૦ |
| ૩૮ | પાણીપતનું યુદ્ધ ... ... ... ... | ૨– ૦–૦ |
| ૩૯ | ગંગા–એક ગુર્જર વાર્તા ... ... ... | ૧– ૮–૦ |
| ૪૦ | લીલા–(લાર્ડ લીટનકૃત. યોગની એક વાર્તા) | ૧– ૪–૦ |
| ૪૧ | માલતી માધવ... ... ... ... ... | ૦– ૫–૦ |
| ૪૨ | વિક્રમોર્વશીય ... ... ... ... ... | ૦– ૩–૦ |
| ૪૩ | શકુન્તલા... ... ... ... ... ... | ૦– ૩–૦ |
| ૪૪ | સરળ કાદમ્બરી... ... ... ... ... | ૧– ૦–૦ |
| ૪૫ | ચાંદબીબી ( ઐતિહાસીક નૉવેલ ) ... ... | ૨– ૦–૦ |
| ૪૬ | વિક્રમની વિસમી સદી... ... ... ... | ૩ –૦–૦ |
| ૪૭ | અદ્ભૂત વિક્રમાદિત્ય ... ... ... ... | ૧ –૦–૦ |

**નીતિ.**

| | | |
|---|---|---|
| ૪૮ | શુક્ર નીતિ ( પાકાં પુઠાં ) ... ... ... | ૨– ૪–૦ |
| ૪૯ | ,, (કાચાં પુઠાં) ... ... ... | ૧–૧૨–૦ |
| ૫૦ | વિદુરનીતિ ગુજરાતી ( ત્રીજી આવૃત્તિ ) ... | ૦– ૨–૬ |
| ૫૧ | નીતિસુધાતરંગિણી ... ... ... ... | ૧– ૦–૦ |
| ૫૨ | કળા વિલાસ ( બીજી આવૃત્તિ ) ... ... | ૦– ૮–૦ |
| ૫૩ | ચારૂચર્યા ( બીજી આવૃત્તિ ) ... ... ... | ૦– ૨–૬ |

ગુજરાતી પ્રીંટીંગ પ્રેસ: મુંબઈ.

